**કાર્યપાલક ઈજનેર**
સુરત મહાનગરપાલિકા

સાઉથ ઝોન (ઉધના)
**સત્યનગર સામે,ઉધના,સુરત**
FAX : 91-0261-2272147
PHONE : 2278429-2277043

નં. સા. ઝોન /ટેક/ ૪૪૫૦
તા. ૨૯/૦૭ /૨૦૨૪

પ્રતિ,
...................................
...................................
...................................
...................................

વિષય :– સાઉથ ઝોન–એ(ઉધના) માં (૧) ટી.પી.સ્કીમ નં. ૦૬ (મજુરા–ખટોદરા), એફ. પી. નં. ૩૭૮, ખરવરનગર જંકશન પાસે (૨) ટી.પી. સ્કીમ નં. ૨૨(ભેસ્તાન), એફ. પી. નં. ૭૧ સંગમ નગર સોસાયટીની પાછળ, ભેસ્તાન ફાયર સ્ટેશન પાસે બનાવવામાં આવેલ કૃત્રિમ તળાવના સ્થળ ઉપર તથા સાઉથ ઝોન–એ (ઉધના) વિસ્તારમાં વિવિધ જગ્યાઓ ઉપર ભવિષ્યના આયોજન હેઠળના સુરત મહાનગરપાલિકા હસ્તકના અન્ય પ્રસંગોમાં જરૂરીયાત અનુસાર જરૂરી મંડપ તથા આનુસાંગિક સુવિધા પુરી પાડવાના કામ બાબત.

મહાશય,

ઉપરોકત વિષયે, સાઉથ ઝોન–એ(ઉધના) માં (૧) ટી.પી.સ્કીમ નં. ૦૬ (મજુરા–ખટોદરા), એફ. પી. નં. ૩૭૮, ખરવરનગર જંકશન પાસે (૨) ટી.પી. સ્કીમ નં. ૨૨(ભેસ્તાન), એફ. પી. નં. ૭૧ સંગમ નગર સોસાયટીની પાછળ, ભેસ્તાન ફાયર સ્ટેશન પાસે બનાવવામાં આવેલ કૃત્રિમ તળાવના સ્થળ ઉપર તથા સાઉથ ઝોન–એ (ઉધના) વિસ્તારમાં વિવિધ જગ્યાઓ ઉપર ભવિષ્યના આયોજન હેઠળના સુરત મહાનગરપાલિકા હસ્તકના અન્ય પ્રસંગોમાં જરૂરીયાત અનુસાર જરૂરી મંડપ તથા આનુસાંગિક સુવિધા પુરી પાડવાની કામગીરી આ સાથે સામેલ શિડયુલ–બી મુજબ સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિ ઠરાવ નં.૩૦૮/૨૦૨૪, તા. ૧૫/૦૨/૨૦૨૪ થી મંજુર યુનિટ રેટના ભાવે અને શરતે અંદાજીત રકમ રૂા.૧૫,૦૦,૦૦૦.૦૦ પૈ. ની ખર્ચ મર્યાદામાં કામગીરી કરવા જો તમો સંમત હોવ તો આપની લેખિત સંમતિ રૂા. ૧૫,૦૦૦/– ની ઈ.એમ.ડી. તથા નીચે જણાવ્યા મુજબના મુદ્દાઓની પૂર્તતા સાથે નીચે સહી કરનારને સાઉથ ઝોન–એ (ઉધના)ની કચેરી ખાતે **તા. ૦૫/૦૮/૨૦૨૪** સુધીમાં ઓફિસ સમય દરમિયાન મોકલવા ઘટતું કરશો. નિયત સમય મર્યાદામાં આવેલ સંમતિપત્ર જ માન્ય ગણાશે. કામગીરીની વધુ વિગત અંગે અત્રેની કચેરીના સંબંધિત આસી. ઈજનેરનો સંપર્ક કરવો.

**– : શરતો :–**

1. અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ કમિશનરશ્રી , સુરત મહાનગરપાલિકાના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફટ/પે. ઓર્ડરથી સંમતિપત્રક સાથે રૂા ૧૫,૦૦૦.૦૦/– ની આપવાની રહેશે.

2. ઈજારદારે અંદાજીત રકમ ના ૨૦% કે તેથી વધુ રકમની વર્તમાન (ચાલુ) વર્ષની રાષ્ટ્રીકૃત બેંકની સોલવંશી સર્ટીફીકેટ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

3. ઈજારદારે આવા પ્રકારની કામગીરીના વર્કઓર્ડર / અનુભવના પ્રમાણપત્ર સંમતિ પત્રક સાથે આપવાના રહેશે.

4. ઈજારદારે છેલ્લા ૦૩ વર્ષના આઇ. ટી. રીટર્ન સંમતિપત્રકસાથે આપવાના રહેશે.

5. ઈજારદારે જી. એસ. ટી. રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની પ્રમાણિત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

6. ઈજારદારે પાન કાર્ડ રજુ કરવાનું રહેશે.

7. સ્થાયી સમિતિ ઠરાવ નં.૩૦૮/૨૦૨૪, તા. ૧૫/૦૨/૨૦૨૪ થી મંજુર યુનિટ રેટના ભાવે અને શરતે ટેન્ડરના પ્રાઈસબીડ અને ટેકનીકલ બીડની શરતો ઈજારદારશ્રીને બંધનકર્તા રહેશે.

8. કોઈપણ તથા બધા જ સંમતિપત્રક રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે તે અંગે કોઈ પણ કારણો આપવામાં આવશે નહી.

9. તમામ પ્રકારના વેરા ઈજારદારે ભોગવવાનાં રેહેશે.

10. તમામ સરકારી/ અર્ધસરકારી લાગુ પડતા કાયદાનું ઈજારદારે પાલન કરવાનું રહેશે.

11. સદર કામગીરી બાબતે અત્રેના હાઉસીંગ વિભાગના ટેકનીકલ સ્ટાફનો સંપર્ક કરવો.

12. સદર કામગીરી ઉકત મંજુર થયેલ ટેન્ડરના Detailed Technical Specification મુજબ કરવાની રહેશે.

13. સદર કામ પુરુ કરવાની સમય મર્યાદા વર્ક ઓર્ડરની તારીખથી દિન –૧૦ (દસ) પુરા થયેથી ૬(છ) માસની ગણવાની રહેશે.

SD/-
કાર્યપાલક ઈજનેર
સાઉથઝોન – એ(ઉધના)
સુરત મહાનગર પાલિકા